# બે અઘરા શબ્દો : ખોટું અને ખરાબ

--ચન્દ્રકાંત બક્ષી

બે ગુજરાતી શબ્દો વીદ્વાનોને પણ  તકલીફ આપી રહ્યા છે. વ્યાખ્યાઓની બહાર છટકી જાય છે. દ્વી-અર્થીથી ત્રી-અર્થીથી અનેકઅર્થી બની જાય છે, અને આ બે શબ્દો આપણે આ પૃથ્વી પર તદ્દન નગ્ન જનમ્યા ત્યારથી આપણી સામે આવીને ઉભા રહી ગયા છે. ભગવાન બુદ્ધ, ગાંધીજી મુરારીદાસ હરીયાણી, તમે, હું આપણે બધા જ જનમ્યા ત્યારે માતાના ગર્ભાશયમાંથી બહાર પ્રસવરુપે પ્રકટ થયા ત્યારે, તદ્દન નાગા હતા. કોઈ કપડાં પહેરીને જનમ્યું નથી. સ્ત્રીને જન્મજાત નફરત કરનારા ચુસ્ત ધાર્મીકોનો પૃથ્વી પરનો પહેલો સંપર્ક માતા નામની સ્ત્રીના સ્તનના પોષક સ્પર્શનો હતો. જે સ્ત્રીના ગર્ભાશયમાં મારું જીવન ધબકતું શરુ થયું, જેના શરીરના અંદરના રક્તથી મારું નવ મહીના પોષણ થયું એ માતાને માત્ર ‘સ્ત્રી’ સમજીને એનાથી દુર ભાગી જવું એ વાસના કરતાં પણ જઘન્ય દુર્ભાવ છે. પોતાની માતાને પણ વાસનામુર્તી તરીકે જોઈ શકનાર મનુષ્ય આ પૃથ્વી પર છે? અને પોતાની જ જન્મદાતા માતાને જોઈને મોઢું ફેરવી લેનાર બદનસીબ કે કમજાત પુત્ર આ પૃથ્વી પર હશે? ખેર, આપણા જ્ઞાનની જેમ આપણું અજ્ઞાન પણ અમુક ક્ષેત્રોમાં સીમાઓમાં આબદ્ધ કે અંકીત થઈ જતું હોય છે.

એ બે શબ્દો છે : ખોટું અને ખરાબ! ખોટાના વીરોધી શબ્દ તરીકે આપણે સાચું પસંદ કર્યો છે જે સંપુર્ણતઃ વીરોધી નથી. વધારે નીકટવર્તી વીરોધી ‘ન્યાય્ય’ થાય. ખરાબનો વીરોધી શબ્દ છેઃ  સારું! આપણે જીવનમાં સાચા અને સારા થવું જોઈએ એ દરેક ધર્મનો આદેશ કે દરેક મઝહબની હીદાયત છે. ખોટું એટલે બેડ અને એક જરા વીચીત્ર વ્યાખ્યા છે : દરેક ખોટી વસ્તુ ખરાબ હોય છે, પણ દરેક ખરાબ વસ્તુ ખોટી જ હોય એ જરુરી છે? અહીં ગાંધીજી અને લેનીનની વીચારસરણીઓનો ટકરાવ છે. ગાંધીજી માનતા હતા કે સ્વચ્છ ધ્યેય માટે એ ધ્યેયપ્રાપ્તીના માર્ગો કે સાધનો પણ સાચાં હોવાં જોઈએ. અશુદ્ધ સાધનો દ્વારા શુદ્ધી પ્રાપ્ત થતી નથી. લેનીનનું કથન હતું કે ‘એન્ડ્ઝ સેંક્ટીફાય મીન્સ’, એટલે કે સીદ્ધી જો ઉચીત કે પવીત્ર હોય તો એની પ્રાપ્તી માટેના માર્ગો અનુચીત કે અપવીત્ર હોય તો ક્ષમ્ય છે, વાંધો નથી. એન્ડ્ઝ એટલે અને મીન્સ એટલે માર્ગો. એન્ડ્ઝ જ મહત્ત્વના છે. જો ઉદ્દેશ્ય બહુજન લોકોના લાભાર્થે હોય તો હીંસા કરવામાં દોષ નથી, એવું લેનીનનું મંતવ્ય હતું. હીંસા થઈ માટે ગાંધીજીએ ચૌરીચૌરા(બીહાર)નું પુરું આંદોલન અટકાવી દીધું હતું. ખોટાની પાછળ નૈતીક ભાવ છે, ખરાબમાં કાનુન સંકળાયેલો છે. ખોટા અને ખરાબને સખત, જડ વ્યાખ્યાઓમાં ફીટ કરવા કઠીન છે, પણ ખોટાનો સ્વભાવ ઓબ્જેક્ટીવ કે આત્મકેન્દ્રી છે. ઈતીહાસ એક ક્રુર શીક્ષક છે. ઈતીહાસ પાસે સારા  અને ખરાબ, કે સાચા અને ખોટા જેવાં  ત્રાજવાં નથી. ઈતીહાસ અંતતઃ પરીણામલક્ષી હોય છે અને મુલ્યાંકનમાં તટસ્થતા હોવી જરૂરી નથી! અંગ્રેજ હોકીન્સ

સુરત આવ્યો અને એને કોઠી શરુ કરવી હતી, મુઘલપાદશાહ પાસેથી ધંધો કરવા માટે પરવાનો જોઈતો હતો. બેશુમાર પ્રયત્નો કર્યા પણ પાદશાહને ખુશ કરવાનો મોકો નસીબ થતો ન હતો. એકવાર મદ્યપાનની મહેફીલ હતી અને હોકીન્સે એટલો બધો શરાબ પીધો કે મદ્યપાનનો શોખીન પાદશાહ જહાંગીર ખુશ થઈ ગયો. અને અંગ્રેજ ઈસ્ટ ઈંડીયા કંપનીને હીંદુસ્તાનમાં કોઠી સ્થાપવા અને ધંધો કરવા માટે અનુમતી મળી ગઈ! એ ઈસ્ટ ઈંડીયા કંપનીની ભારતની ધરતી પર શરુઆત હતી. શરાબ પીવો અને ખુબ શરાબ પીવો એ સારું નથી, ખરાબ છે, પણ ખોટું છે? દરેક ખોટી વસ્તુ ખરાબ હોય છે, પણ હોકીન્સે મુઘલ પાદશાહ જહાંગીરને ખુશ કરીને પરવાનો મેળવી લીધો એ ખોટું હતું? અહીં ખોટું અને ખરાબ શબ્દો એકબીજામાં ઓગળી જાય છે. વ્યક્તીગત ખરાબ કદાચ સામુહીક ખોટું ન પણ હોઈ શકે! આંતરરાષ્ટ્રીય કક્ષાની રાજનીતી કે અર્થનીતીમાં આજે પણ 'ખરાબ' વસ્તુઓથી દોસ્તાના થાય છે, અને સરકાર તથા પ્રગતીના રાજમાર્ગો ઉભય પક્ષ માટે ખુલી જતા હોય છે. ૧૯૭૧ના યુદ્ધ પછી મેં સેનાધ્યક્ષ (ફીલ્ડ માર્શલ) સેમ માણેકશા ઈસ્લામાબાદમાં જનરલ ટીકાખાનને મળી આવ્યા હતા અને ટીકાખાન પાકીસ્તાનના સરનશીન થશે એવી વાતો હવામાં હતી. મેં પ્રશ્ન પુછ્યો હતો : સર, અમેરીકા હંમેશાં પાકીસ્તાનની જ તરફદારી શા માટે કરે છે, એ ખોટા છે અને આપણે સાચા છીએ તો પણ? ત્યાં તાનાશાહી છે, અને આપણે ત્યાં લોકશાહી છે, તો પણ? અને અમેરીકા લોકશાહીનો જબરદસ્ત પુરસ્કર્તા દેશ છે, તો પણ? જનરલ માણેકશાએ આપેલી સ્પષ્ટતા રાજનીતીજ્ઞો ચકરાવામાં પડી જાય એવી છે! એમણે કહ્યુ : લુક!... વીસ, પચીસ વર્ષો પહેલાં પાકિસ્તાનનાં લશ્કરના જવાન અફસરોને તાલીમ માટે અમેરીકા મોકલ્યા હતા. એ વખતે જવાન પાકીસ્તાની અફસરો અને જવાન અમેરીકન ઓફીસરો દોસ્તો બન્યા. સાથે સાથે બુઝીંગ ગેમ્બલીંગ, વુમનાઈઝીંગ કર્યુ (સ્ત્રી સહવાસ, શરાબપાન, કેસીનોમાં દ્યુતરમત) અને એકબીજાને બીલ બીલાલ, અને સેમ અને સલીમના ફર્સ્ટ નેમથી બોલાવવા માંડયા. બે-અઢી દશકો પછી આ જ જવાન અફસરો પાકીસ્તાન અને અમેરીકાની સેનાઓમાં ઉચ્ચ સ્થાને આવી ગયા. દોસ્તી કાયમ રહી.તરફદારી થવી સ્વાભાવીક હતી!

એક એવી 'સેલ્ફ-રાઈટ્સ' એટલે કે પોતે જ સાચો છે એવો જડ આગ્રહી જીદ્દી વર્ગ દરેક સમામાં હોય છે જેને પોતાના આગ્રહ-પુર્વગ્રહથી વીપરીત કંઈ પણ એ ખોટું જ લાગે છે. ગુટકા પોતે જ ખાય છે માટે ખરાબ નથી પણ શરાબ પોતે પીતા નથી માટે ખરાબ છે. દુનીયા પુરી એમના ત્રાજવાના પલ્લામાં મુકી દેવાય છે અને બીજા પલ્લામાં એમની વજનદાર સારાઈ મુકાય છે. એમને માટે એક બંગાળી કહેવત જ ઉપયુક્ત છે : હાથીઘોડા ગેલો તોલ/ મોશા દેખે કોતો જોલ//હાથીઘોડા ડુબીને તળીયે બેસી ગયા છે અને મચ્છર જોઈ રહ્યો છે, કે પાણી કેટલું ઉંડું છે. ખોટા અને ખરાબનો મચ્છરવાદ દરેક સમાજમાં હોય છે... અને પાણીનું ઉંડાણ માપનારા મચ્છરો ક્યારેક બહુમતીમાં પણ આવી જાય છે.

સાધન અને સાધ્ય, માર્ગ અને મંઝીલ, એન્ડઝ એન્ડ મીન્સ, ઉદ્દેશ્ય, ગતી અને ઈતીનો દ્વંદ્વ નવો નથી. આજના યુગમાં ભ્રષ્ટતા એક એવો વીષય છે, જે દરેક વ્યક્તીને સંરક્ષણાત્મક ભુમીકામાં મુકી દે છે. તમે ભ્રષ્ટતાના તરફદાર છો? નથી. ભ્રષ્ટતા ખરાબ વસ્તુ છે, પણ દર વખતે ખોટી છે? મારે માટે ભ્રષ્ટતા ખરાબ છે, પણ મારી છે માટે ખોટી નથી. તમારી ભ્રષ્ટતા ખરાબ છે અને ખોટી પણ છે કારણકે એ તમારી છે. મુંબઈ પ્રાંતના ગર્વનર શ્રીપ્રકાશ અને પંડીત નેહરુ આઝાદીના જંગના ઘનીષ્ઠ સાથીઓ હતા. એકવાર નેહરુએ ભ્રષ્ટાચારના દૈત્ય વીષે વાત કરી ત્યારે શ્રીપ્રકાશે પોતાની ફીલસુફી સ્પષ્ટ કરી : હું પૈસા લઈશ નહીં, પણ આપીશ નહીં એવું કહી શકતો નથી! પૈસા રીશ્વત રૂપે આપવા પડેછે, લાચાર થઈને, મોહતાજ બનીને. અને ભ્રષ્ટતા ભ્રષ્ટતામાં પણ ફર્ક હોય છે. ગરીબની .ને અમીરની ભ્રષ્ટતામાં ફર્ક હોય છે.

હું કેટલો ખોટો છું તે હું નક્કી કરીશ, પણ હું કેટલો ખરાબ છું એ કોણ નક્કી કરશે? પરીવાર, સમાજ, ગામ, સમાચારપત્રો, મીડીયા, દુનીયા? મારે કેટલા ખરાબ થવું (એટલે કે જેમ સ્વજનો, સમાજ ખરાબ ગણે છે) એ નક્કી કરવાનો અધીકાર પણ મારે બીજાની રજાથી લેવાનો છે? અને ખરાબ શબ્દની દરેક મનુષ્યની પોતાની સ્વકેન્દ્રીત વ્યાખ્યા હોય છે. હું જે ક્રીયાને ખરાબ ગણું છું એ ક્રીયા તમારી આંખોમાં બીલકુલ ન્યાય્ય હોઈ શકે છે.

જાન્યુઆરી મહીનો રોમન દેવતા જેનસ પરથી આવ્યો છે. આ જેનસને બે મોઢાં હતાં અને બે વીરોધી દીશાઓમાં હતાં. (જાન્યુઆરી ૨૦૦૬નું એક મોઢું ડીસેમ્બર ૨૦૦૫ તરફ છે, અને બીજું મોઢું ફેબ્રુઆરી ૨૦૦૬ તરફ છે !) કદાચ ખરાબ અને ખોટા જેવા શબ્દો જેનસનાં મોઢાંઓ જેવાં છે અને જેનસનાં બન્ને મોઢાંને જે જોઈ રહ્યાં છે એમાં જુઠ કે છદ્મ નથી, સત્ય બન્ને તરફ છે ! જે મહાત્મા દેહદમન કરીને કૃશ થઈ જાય છે અને જે મહાત્મા પૌષ્ટીક આકાર લઈને હૃષ્ટપુષ્ટ થઈ જાય છે એ બેમાં ખોટું કોણ કરી રહ્યો છે? આ પ્રશ્નનો ઉત્તર મહાત્માઓ જ આપી શકશે…!

ક્લોઝ અપ

મીયાંની ભેંસને ડોબું ન કહેવાય.

-જુની ગુજરાતી કહેવત

--ચન્દ્રકાંત બક્ષી

જ.તા.૨૦ ઑગસ્ટ ૧૯૩૨ ::: અ.તા.૨૫ માર્ચ ૨૦૦૬

'સન્ડે મહેફીલ'ના વાચકો માટે, તા. ૧૨ માર્ચ ૨૦૦૬ના, 'દીવ્ય ભાસ્કર' દૈનીકની રવીવારીય પુર્તી 'રસરંગ'માંથી, 'વીજયા -કલાપી' ફોન્ટમાં અને 'ઉંઝાજોડણી'માં સાભાર પુનઃ અક્ષરાંકન : uttamgajjar@hotmail.com
April 16, 2006